# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-12-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# ANAND SIR

મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા- SIR અંતર્ગત આણંદ જિલ્લામાં ડિઝીટાઈઝેશનની કામગીરી 100 ટકા પૂર્ણ કરવામાં આવી છે. જિલ્લાના 15 લાખ 73 હજાર 254 મતદારોએ તેમના મતદાર ગણતરી પત્રકો સમય મર્યાદામાં જમા કરાવ્યા છે. આગામી 11 ડિસેમ્બર સુધી ગણતરી પત્રક જમા કરાવી શકાશે.
આ અંગે પ્રાંત અધિકારી મયુર પરમારે વધુ માહિતી આપી.

(બાઇટ : મયુર પરમાર, પ્રાંત અધિકારી)

. . . . . . . . . . . . .

# VGRC SHIVRAJPUR

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલું શિવરાજપુર બીચના સમગ્ર વિકાસ માટે TCGL દ્વારા કરાયેલા 130 કરોડ રૂપિયાના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ રાજકોટ યોજાનારી આગામી વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદોમાં મુખ્ય આકર્ષણ બનશે. શિવરાજપુરના આ સર્વાંગી વિકાસમાં અરાઇવલ પ્લાઝા , સ્નોર્કલિંગ ઝોન, સાયકલ ટ્રેક, બીચ પ્રોમેનેડ, સ્લજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, તેમજ હાઉસિંગ ડિપાર્ટમેન્ટની મહત્વની સુવિધાઓનો સમાવેશ થાય છે. સાથે જ માર્ગ અને મકાન વિભાગ દ્વારા 11 કિલોમીટરથી વધુ નવા રસ્તાનો વિકાસ પણ હાથ ધરાયો છે. ચેન્જિંગ રૂમ , શાવર એરિયા, બાળકો માટે આકર્ષક ખેલ વિસ્તારો જેવી સુવિધાઓ પ્રવાસીઓને આરામદાયક અનુભવ આપશે.

. . . . . . . . . . . . .

# BHARUCH BLAST

ભરૂચ જિલ્લાના ઝઘડિયા GIDCની એક કંપનીમાં વિસ્ફોટની ઘટના બની હતી, જેમાં અનેક કામદારો ઇજાગ્રસ્ત થયા હતા. તેઓને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. આ દુર્ઘટનામાં કેટલા કામદારો ઇજાગ્રસ્ત થયા તેનો ચોક્કસ આંકડો હજુ બહાર આવ્યો નથી. ઘટના અંગે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

. . . . . . . . . . . . . .

# KHEDA MILK

ખેડા જિલ્લામાં 14 નવેમ્બરે શરૂ થયેલા "ગામનો નિર્ધાર , સહકારથી સાકાર" અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં 4 હજાર 771 લિટરથી વધુ દૂધ એકત્રિત કરવામાં આવ્યું છે. માતર , નડિયાદ, વસો, મહેમદાવાદ અને કઠલાલની દૂધ મંડળીઓ દ્વારા એકત્રિત કરાયેલા દૂધનો દરરોજ 3 હજારથી વધુ બાળકોને તેનો લાભ મળી રહ્યો છે.

“ગામનો નિર્ધાર , સહકારથી સાકાર ” અભિયાન અંતર્ગત જ્યારે ગામના પશુપાલક ભાઈ-બહેન દૂધ ડેરી પર જમા કરવા આવે છે ત્યારે ત્યાં રાખેલ ‘આશીર્વાદ પાત્ર’ માં તેઓ પોતાની ઈચ્છા શક્તિ મુજબ ૧૦, ૩૦, ૫૦ મિલી કે વધુ પ્રમાણમાં દૂધનું દાન કરે છે. આ દૂધ સીધું આંગણવાડીના કુપોષિત બાળકોને મળી રહે તે માટે આંગણવાડી બહેનો દ્વારા તેનું આયોજનબદ્ધ વિતરણ કરવામાં આવે છે.

. . . . . . . . . . . . .

# AMRELI DEATH

અમરેલીના કેરીયાનાગસમાં મગફળી કાઢતા સમયે થ્રેસરમાં આવી જતા ઈજાગ્રસ્ત મહિલાનું મોત નિપજ્યું છે. સવારે કેરીયાનાગસમાં આ મહિલા થ્રેસરમાં મગફળી કાઢતા હતા. તે દરમિયાન ઓઢણીનો છેડો થ્રેસરમાં આવી ગયો હતો. જેના કારણે તેમને ગળામાં ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પરંતુ ગંભીર રીતે ઈજાગ્રસ્ત આ મહિલાનુંસારવાર દરમિયાન મોત થયું હતું.

. . . . . . . . . . . . .

# ARVALLI VIKAS KAMO

અરવલ્લી જિલ્લાની મોડાસા નગરપાલિકાને સરકાર દ્વારા ‘અ ’ વર્ગમાં સમાવેશ કરાતા, વિવિધ વિકાસલક્ષી કાર્યોને વેગ મળ્યો છે. શહેરના વિકાસ અર્થે વધુ પાંચ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે , જેનાથી શહેરના વિવિધ માર્ગોને આઇકોનીક રોડ બનાવાની કામગીરી હાથ ધરવામાં આવી છે ,જેમાં કેટલાક માર્ગો પૂર્ણતાના આરે છે. નગરપાલિકા પ્રમુખે નિરજ શેઠે જણાવ્યું કે , આ ગ્રાન્ટથી મોડાસા-શામળાજી, મેઘરજ અને માલપુર સહિતના માર્ગોને વિકસિત કરાશે.

(બાઇટ : નિરજ શેઠ, પ્રમુખ, મોડાસા નગરપાલિકા)

. . . . . . . . . . . . .

# ILLEGAL SAND MINING

અમરેલી પોલીસે શેત્રુંજી નદીના પટમાંથી ગેરકાયદેસર રેતી ખનન કરતા 10 વાહનો જપ્ત કર્યા છે. જિલ્લા પોલીસ વડાના સીધા માર્ગદર્શન હેઠળની ટીમે ચાપાથળ નજીક શેત્રુંજી નદીના પટ વિસ્તારમાં દરોડો પાડી રેતી ચોરીનું કૌભાંડ ઝડપી પાડ્યું હતું. આ કાર્યવાહીમાં અંદાજે 60 લાખથી વધુની કિમતના 6 ડમ્પર, એક ટ્રેક્ટર, 2 જેસીબી અને એક લોડર સહિત કુલ 10 વાહનો જપ્ત કરાયા છે.

. . . . . . . . . . . .

# THOL BIRD SANCTUARY

મહેસાણા જિલ્લાના કડીમાં આવેલા થોળ પક્ષી અભયારણ્યમાં શિયાળાની ઠંડીની શરૂઆત થતાં દેશ-વિદેશમાંથી હજારો કિલોમીટર અંતર કાપીને દુર્લભ યાયાવર પક્ષીઓનું આગમન થઈ ગયું છે. બતક , ટાલેગ, ગીસ, ગ્લોસી, આઈબીઝ, કોર્મોન્ટન. સહિત વિવિધ પ્રજાતિના પક્ષીઓ આવી પહોંચ્યા છે. ત્યારે પક્ષીઓને નિહાળવા માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવી રહ્યા છે.

. . . . . . . . . . . . .